રાજ્યમાં બાંધકામ માટે વપરાતા [illegible]
**રોયલ્ટીની વસુલાત અંતિમ વપરાશકાર પાસેથી**
**કરવા બાબત.**

ગુજરાત સરકાર
ઉદ્યોગ અને ખાણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ એમસીઆર–૧૦૨૦૧૦–૨૩૨૬–છ
સચિવાલય,ગાંધીનગર
તા.૭/૨/૨૦૧૧.

<u>વંચાણે લીધા</u> :

(૧) ઉદ્યોગ અને ખાણ વિભાગના પરિપત્રો ક્રમાંકઃએમસીઆર–૧૦૯૦–૩૦૮૩– છ
તા.૧૨ /૧ /૧૯૯૪ તથા તા.૯ /૫ /૧૯૯૪

(૨) ગુજરાત રાજ્ય ખનિજ નીતિ–૨૦૦૩.

<u>આમુખઃ–</u>

રાજ્ય સરકારે જાહેર કરેલ ખનિજ નીતિ અનુસાર ખનિજ જથ્થાની રોયલ્ટી પુરેપુરી મળી રહે તે માટે માર્ગ અને મકાન, સિંચાઈ, પંચાયત, અન્ય વિભાગો, બોર્ડ/નિગમો વિગેરેના ઠેકેદારોના કામોના બિલોમાંથી સીધી કપાત કરવાની પધ્ધતિ અમલમાં મુકવાનું સરકારની વિચારણામાં છે. રાજ્ય સરકારના તા.૯/૫/૧૯૯૪ ના પરિપત્ર મુજબ ઠેકેદારોએ વપરાશ કરેલ ખનિજ જથ્થા મુજબના રોયલ્ટીના આધાર / પુરાવાની ચકાસણી કરી સંલગ્ન ભૂસ્તર વિજ્ઞાન અને ખાતાની જીલ્લા કચેરી ધ્વારા " નો ડયુઝ " પ્રમાણપત્ર આપવાની પ્રથા અમલમાં છે. ઠેકેદારો ધ્વારા 'NDC' રજુ થયા બાદજ સીકયોરીટી ડીપોઝીટ છુટી કરવામાં આવે છે.

રાજ્યમાં બાંધકામમાં વપરાતા ગૌણ ખનિજો મહદઅંશે સરકારી બાંધકામ અને ખાનગી મકાનોના બાંધકામમાં વપરાય છે. રાજ્યમાં ગૌણ ખનિજનો ઉપયોગ સરકારી વિભાગો જેવા કે માર્ગ અને મકાન અને સિંચાઈ, પંચાયત, બોર્ડ / કોર્પોરેશનો, રેલ્વે, નેશનલ હાઈવે ઓથોરીટી, સેઝ, એરપોર્ટ, પબ્લીક હેલ્થ વિભાગ વિગેરે ધ્વારા હાથ ધરાતા કામોમાં થાય છે જ્યારે મ્યુનિસીપલ કોર્પોરેશન, મ્યુનિસીપાલીટીઝ, અર્બન / એરીયા ડવલપમેન્ટ ઓથોરીટી, ગ્રામ પંચાયત વિગેરે ધ્વારા મંજુર કરવામાં આવતા ખાનગી મકાનો / બાંધકામોમાં પણ ગૌણ ખનિજોનો ઉપયોગ થાય છે.

બાંધકામમાં વપરાતા ગૌણ ખનિજની રોયલ્ટી પુરેપુરી મળી રહે તે હેતુથી અને હાલની પધ્ધતિ પારદર્શક અને સરળ બનાવવાના હેતુસર રાજ્યમાં મળી આવતા ગૌણ ખનિજોની રોયલ્ટી લીઝ ધારક પાસેથી ન લેતાં અંતિમ વપરાશકાર (end user) પાસેથી લેવામાં આવે તો બાંધકામના ઠેકેદારો વિગેરેને કામમાં સરળતા રહે. સરકારી બાંધકામોમાં વપરાયેલ ગૌણ ખનિજોની રોયલ્ટી ઠેકેદારોને વખતો વખત ચુકવાતા બીલોમાંથી કપાત કરવાની (at source) અને ખાનગી મકાનોના બાંધકામમાં વપરાયેલ ગૌણ ખનિજોની રોયલ્ટી બીલ્ડીંગ પ્લાન મંજુર કરતી વખતે બાંધકામ વિસ્તારના માપ ( built up area ) ઉપર વસુલાત કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવઃ–</u>

પુખ્ત વિચારણાને અંતે, રાજ્ય સરકારે આ બાબતે નીચે મુજબની પધ્ધતિ અમલમાં લાવવાનું ઠરાવેલ છેઃ-

૧. બાંધકામમાં વપરાતા નીચેના ખનિજો માટે આ કાર્યપધ્ધતિનો અમલ કરવાનો રહેશે.

- સાદી રેતી / માટી / કંકર / ગ્રેવલ
- બ્લેકટ્રેપ (કપચી, ગ્રીટ, મેટલ, રબલ વિગેરે)
- બાંધકામના કામમાં વપરાતાં બિલ્ડીંગ સ્ટોન / લાઈમસ્ટોન / સેન્ડ સ્ટોન / કવાર્ટઝાઈટ વગેરે
- સોફટ મુરમ / હાર્ડ મુરમ
- ઈંટ માટી / ઈંટ